


ગ્રીસ ડિફોલ્ટર જાહેર થતાં વિશ્વભરમાં ખળભળાટ Page-6

સુવિચાર : સંઘર્ષથી ભરેલી જીવનની આ ઝોળીમાં અનુભવનું ભાથું ઠીકઠીક ઉમેરાતું જાય એ જ આપણી અસલી કમાઇ છે - ઉમાશંકર જોશી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૧૩ | ૨ જુલાઇ, ૨૦૧૫, ગુરૂવાર ; અધિક અષાઢ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લામાં ૧૯,૮૪૩ કુપોષિત બાળકો મળ્યા

## ૨૪૬૭ અતિ કુપોષિત બાળકો છે; ૧૭,૩૭૬ બાળકો ઓછુ વજન - ઓછી ઊંચાઈ તેમજ આયુના પ્રમાણમાં પાચનની ક્ષમતા નબળી ધરાવતા મળ્યા : અતિ કુપોષિત બાળકોની ટકાવારી રાજ્યની સરેરાશ કરતાં ઓછી મળી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં ૦ થી ૬ વર્ષની આયુ ધરાવતા બાળકોની કરાયેલ તપાસમાં ૧૯,૮૪૩ બાળકો કુપોષિત મળી આવ્યા છે.

૧૯,૮૪૩ બાળકો પૈકી ૨૪૬૭ બાળકો અતિ કુપોષિત જણાયા છે. જેમાં ૯ બાળકોને તબીબી કોમ્લીકેશન હોવાનું અને ૯૭૦ બાળકોને આવુ કોઈ કોમ્લીકેશન નહિ હોવાનું જણાયું છે.

ગાંધીનગર જિલ્લામાં ૧લી જૂનથી બાળકોની ચકાસણી આરોગ્યતંત્ર દ્વારા હાથ ધરવામાં આવી હતી. જિલ્લામાં ૮૩,૫૯૧ બાળકો આ આયુના હોવા સામે તંત્રએ ૮૫૦૬૪ બાળકોની તપાસ કરી ૧૦૧.૭૬ ટકા સિદ્ધિ મેળવી છે.

કુપોષણ સામેના જંગની જવાબદારી આરોગ્ય વિભાગને સોંપવામાં આવ્યા બાદ આ ચકાસણીનો રાજ્યવ્યાપી કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો.

તંત્ર દ્વારા એક અભિયાનરૂપે આ બાળકોનું સ્ક્રીનીંગ હાથ ધરાયું હતું. હવે અલગ તારવવામાં આવેલા આ બાળકોની તબીબી અધિકારીઓ દ્વારા તપાસ થશે અને આ પછી આ બાળકોની પાચનક્ષમતાની ચકાસણી કરી તેની આગળની તપાસ કરવામાં આવશે.

પાચનક્ષમતાને માટે બાળકને ચિલ્ડ્રન ન્યુટ્રીશયન કોર્નર જે વિકસાવવામાં આવ્યા છે તેમાં દાખલ કરી સારવાર આપી બાળકને કુપોષણથી મુક્ત કરવામાં આવશે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ બાળકોની ચકાસણીની ડેટા એન્ટ્રીની કરવાની કામગીરી હાલ ચાલી રહી છે જે પૂર્ણ થયેથી તબીબી અધિકારીઓ દ્વારા ચકાસણી શરૂ કરાશે.

મળતી વિગતો પ્રમાણે તંત્ર દ્વારા ડેટા એન્ટ્રીની કામગીરી એકાદ સપ્તાહમાં પૂર્ણ થઈ જશે. ૧૫ જુલાઈથી આ બાળકોની પાચનક્ષમતા ચકાસવા સહિતની તબીબી તપાસ શરૂ થશે.

રાજ્ય સરકારે કુપોષણ મુક્તિ અભિયાન એક પડકાર સ્વરૂપે હાથ ધર્યુ છે. આ કાર્યક્રમ અગાઉ મહિલા

● અનુસંધાન પાન-૭ પર



બાળપણનો આનંદ - શાળાઓ આરંભાતા જ શાળાઓ ઉપરાંત બગીચાઓ પણ કિલ્લોલથી ગુંજવા લાગ્યા છે... નગરના બાળકો સેક્ટરોના બગીચાઓમાં લપસણી, હિંચકા જેવી સરળ રમત-ગમતના સાધનોનો ઉપયોગ કરી આનંદ મેળવે છે... શ્રીમંત બાળકો માટે કદાચ રીસોર્ટ્સ અને રાઈડ્સમાં જે આનંદ પ્રાપ્તિનું સ્થાન બને છે તે જ આનંદ મધ્યમવર્ગીય સમાજના બાળકો માટે નાના-નાના બગીચાઓમાં સરળતાથી રમી શકાતી રમતો અને સરળ ઉપકરણો ખુશી-ખુશી આપે છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# ફરજીયાત મતદાન અંગેનું જાહેરનામું યોગ્ય સમયે જાહેર કરવામાં આવશે

ગાંધીનગર, તા.૧

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં ફરજીયાત મતદાન અંગેનું જાહેરનામું બહાર પાડવા અંગે રાજય સરકાર યોગ્ય સમયે નિર્ણય લઈ જાહેર કરશે એમ રાજય સરકારના પ્રવકતા મંત્રીએ જણાવ્યું હતું.

પત્રકારો સાથેની અનૌપચારિક વાતચીતમાં આજે રાજય સરકારના પ્રવકતા મંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં ફરજીયાત મતદાનનો નિર્ણય અમલી બનાવવા અંગેનું જાહેરનામું યોગ્ય સમયે જાહેર કરવામાં આવશે.

ફરજીયાત મતદાન અંગેના નિયમો ઘડી કાઢવામાં આવ્યા છે. અને તમામ પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે પરંતુ સૌરાષ્ટ્રમાં તાજેતરમાં ભારે વરસાદને કારણે અતિવૃષ્ટી થતાં જાહેરનામું બહાર પાડવામાં વિલંબ થયો હોવાનું તેમણે જણાવ્યું હતું.

## અફવાઓએ ગ્રામજનોને ભયભીત કરીને ગુનેગાર બનાવ્યા

# બોરીજ પાસે નિર્દોષ ફોજીને બાંધીને ગ્રામજનોએ માર્યો..!

## અપ્રુજી ગામમાં પોલીસ પર પથ્થરમારો : લાઠીચાર્જ-ગોળીબાર





ચાર કોન્સ્ટેબલ ઘાયલ : એક યુવાનને થાપે ગોળી વાગી

ચોર-લુટારૂની અફવા સાંભળીને દહેગામ નજીક કઠલાલ પાસે અપ્રુજી ગામના ગ્રામજનોનું ટોળુ ઘાતક હથિયારો લઈને ફરી રહ્યું હતું. તેને ખેડા પોલીસ રોકવા ગઈ તો પોલીસની જીપ ઉપર અને પોલીસ પર ગ્રામજનોએ પથ્થરમારો કરી મુક્યો હતો. ખેડા પોલીસે મામલો થાળે પાડવા લાઠીચાર્જ અને ફાયરીંગ કરવું પડ્યું હતું. જેમાં અપ્રુજી ગામના એક યુવાન રાજુભાઈ દિલીપસિંહ સોલંકીને થાપે ગોળી વાગતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. તો બીજી તરફ ખેડા પોલીસના ચાર કોન્સ્ટેબલ પણ ઘાયલ થયા હોવાની વિગતો જાણવા મળી છે. નોંધનીય છે કે આખા પ્રકરણમાં ક્યાંય ચોર-લુટારૂ તો દેખાયા જ ન હતા..!

## ''માણસામાં ફાયરીંગ થયું, એકને ગોળી વાગી'' પોલીસને મેસેજ મળ્યો : તપાસ કરી તો અફવા નીકળી : અફવા ફેલાવનાર અને ફૌજીની ધોલાઈ કરનાર સામે ગુના દાખલ : ઈસનપુરમાં સ્કૂલેથી દિકરાને તેના પિતા ઘરે લઈ ગયા ને છોકરૂ ઉઠાવી ગયાની અફવા ફેલાઈ

ગાંધીનગર, તા. ૧

ચોર-લુંટારૂ ટોળકીની અફવાઓએ ગાંધીનગર આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા ગ્રામજનોના માનસ પર વિપરીત અસર કરી મુકી છે. શાંત અને હંમેશા લોકોની મદદ કરવા તત્પર રહેવાની પ્રકૃતિ ધરાવતા ગ્રામજનોને કેટલાક અસામાજીક તત્વો દ્વારા ફેલાવાઈ રહેલી અફવાઓએ હવે ગુનેગારની યાદીમાં મુકવું પડ્યું છે. ગાંધીનગરમાં એક દિવસમાં આવા બે ગુનાઓ દાખલ થવા પામ્યા છે.

માણસાના એક યુવાને પોલીસને ફોન કર્યો કે 'માણસામાં આતંકવાદીઓ ઘુસી ગયા છે, ગોળીબાર થયો છે અને એક યુવાનને ગોળી પણ વાગી છે હું તેની સાથે જ હોસ્પિટલમાં છું.'' આ મેસેજને ગંભીરતાથી લઈને પોલીસ તાત્કાલિક હોસ્પિટલ પહોંચી તો હોસ્પિટલમાં આવુ કોઈ દર્દી જ આવ્યુ ન હતુ. મોબાઈલ નંબરને આધારે તપાસ કરીને યુવાનને પકડ્યો તો તેણે કબુલ્યુ કે મેં આવી વાત સાંભળી હતી...! પોલીસે અફવા ફેલાવીને લોકોમાં દહેશત ફેલાવવા બદલ તેની સામે ગુનો દાખલ કર્યો છે. તો બીજી તરફ રાજસ્થાન આર્મી કેમ્પસમાં રહેતા એક ફૌજી જીતેન્દ્રસિંગ ગુરુચરણસિંગ જાટ ગાંધીનગર આર્મી કેમ્પ આવી રહ્યા હતા. અમદાવાદ રેલવે સ્ટેશનથી રીક્ષામાં બેઠા બાદ ચ-૬ સર્કલે રીક્ષા ચાલકે ફોજીને ઉતાર્યા..! ત્યાંથી ચાલતા સે. ૩૦ સર્કલ તરફ જઈ રહેલા ફૌજીને ચોર-લુટારૂ સમજીને અક્ષરધામ નજીક બોરીજના ગ્રામજનોએ ધોકા મારીને બાંધી દીધો હતો. પોલીસ સ્થળ પર પહોંચી અને ૧૦૮ મારફતે નિર્દોષ ફોજીને સિવિલ હોસ્પિટલ લઈ ગઈ હતી. ફોજીની ફરીયાદને આધારે પોલીસે નિર્દોષને ઢોર માર મારનાર સામે ગુનો દાખલ કર્યો છે.

ઈસનપુર મોટા ગામમાં પણ એક વિચિત્ર ઘટના બની હતી. બહારગામ જવાનું હોવાથી પિતા તેના પુત્રને શાળાએથી વહેલા લઈ ગયા..! કોઈએ અફવા ઉડાડી કે છોકરૂ ઉઠાવીને ચોર-લુંટારૂ ભાગી ગયા..! પોલીસે શાળાએ જઈને તપાસ કરી અને તે બાળકના ઘરે જઈને પણ તપાસ કરી તો પિતા જ તેના પુત્રને લઈ ગયા હોવાનું ખુલ્યુ હતુ.




(તસવીર : વિપુલ ચૌહાણ)

# મહાત્મા મંદિરમાં ૩ થી ૫ જુલાઈ ચિંતન શિબિર

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ૩ થી ૫ દરમ્યાન યોજાનાર ચિંતન શિબિરમાં ગુણવત્તાસભર શિક્ષણ, જાહેર આરોગ્ય સેવા સામેના પડકારો અને વહીવટીય સરળીકરણ જેવા વિષયોને આવરી લઈ ચિંતન કરાશે.

રાજયના તમામ સનદી અધિકારીઓની છેલ્લા સાત વર્ષથી ચિંતન શિબિર યોજવામાં આવે છે. અગાઉ આ શિબિર ૨૮, ૨૯ યોજાવાની હતી પરંતુ અતિવૃષ્ટિને પગલે તે મુલ્તવી રાખવામાં આવી હતી.

## તંત્ર લક્ષ્યાંકો નિયત કરી વહીવટીતંત્રને વધુ પ્રજાભિમુખ બનાવવા તરફ આગળ વધશે

મહાત્મા મંદિર ખાતે યોજાનાર આ ચિંતન શિબિર ૩જીએ સવારે ૮.૩૦ થી શરૂ થશે અને ૫મીએ બપોર બાદ તેની પુર્ણાહુતિ થશે.

આ ચિંતન શિબિરમાં ભાગ લેવા અધિકારીઓએ સમૂહમાં આવવાનું રહેશે. સૌરાષ્ટ્રના અધિકારીઓને રાજકોટથી પ્રવાસન નિગમની બસમાં આવશે જ્યારે મધ્ય ગુજરાતના અધિકારીઓ વડોદરાથી આવશે.

સાત જેટલા ગૃપોમાં ત્રણ દિવસ સુધી ચિંતન કરાશે અને આ પછી તંત્ર લક્ષ્યાંકો નિયત કરી વહીવટીતંત્રને વધુ પ્રજાભિમુખ બનાવવા તરફ આગળ વધશે.

રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ, મુખ્ય સચિવશ્રી સહિત તમામ સનદી અધિકારીઓ આ ચિંતન શિબિરમાં જોડાવાના છે.

તલાટી / કલાર્ક / આસીસ્ટન્ટ તથા વર્ગ-૩ની ટૂંક સમયમાં 5000+ થી વધુની ભરતી-2016

(વર્ગ-3) માટે ખાસ બેચ

માસ્ટર કોર્ષ-2016

ગણિત / બુદ્ધિચાતુર્ય કસોટીઓ / જનરલ સ્ટડીઝ / અંગ્રેજી વ્યાકરણ / ગુજરાતી વ્યાકરણ / કોમ્પ્યુટર / પંચાયતી રાજ જેવા તમામ વિષયોનો અભ્યાસ...

ફી માત્ર ₹ 28,000/- (બેંક સાથે જ ભરવાની રહેશે)

કોર્ષનો સમયગાળો 6 (વધુમાં વધુ)

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
| --- | --- | --- |
| 9.7.2015 THURSDAY | બપોરના 3 થી 6 | સોમ થી શુક્ર |
| 23.7.2015 THURSDAY | બપોરના 12 થી 3 | સોમ થી શુક્ર |

સંપૂર્ણ અભ્યાસ સાહિત્ય FREE દર રવિવારે ટેસ્ટ

પરીક્ષામાં 100% પુછાયેલ ભારતી સાથે જ્ઞાન શિક્ષણ

DY. S.O./ નાયબ મામલતદાર

મુખ્ય પરીક્ષા સંભવિત ઓક્ટોબર 2015

40+ ગુણ આવી શકે તેમ હોય તેવા વિદ્યાર્થીઓ જ પ્રવેશ પાત્ર (પ્રિલિમમાં નાપસ થવાથી ફી પરત)

ફી માત્ર ₹ 48,000/- {મુખ્ય પરીક્ષા માટે}

સંપૂર્ણ સાહિત્ય ફ્રી પરીક્ષા સુધીનો કોર્ષ

દર રવિવારે ટેસ્ટ

કોર્ષનો સમયગાળો 5 (વધુમાં વધુ)

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
| --- | --- | --- |
| 9.7.2015 THURSDAY | સવારના 7 થી 10 | સોમ થી શુક્ર |
| 23.7.2015 THURSDAY | બપોરના 3 થી 6 | સોમ થી શુક્ર |

• GS : Mukesh Patel • Guj. : Dr. Rana
• Eng. : Dr. U Pandit • Dr. Bhavesh Goswami for GS & C Prajapati for Maths / Reasoning

26.01.1994 થી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા

TCCI EDUCATION PVT. LTD.

MUKESH PATEL : 90990 76788

રૂબરૂ મળવાનો સમય : સોમ થી શનિ, સવારના 10-30 થી 6

328/2, દેના ગુજ. ગ્રામીણ બેંક પાસે, ઘ-2 થી ચ-2ની વચ્ચે, સે.7/A, ગાંધીનગર

હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ | ફોન ઓફીસ સમયે પ્રમાણે કરવો

# રાહતનિધિમાં પંચાયત પરિવારે ૫૧ હજાર આપ્યા

ગાંધીનગર, તા. ૧

મુખ્યમંત્રીશ્રીની રાહતિનિધિમાં ગાંધીનગર જિલ્લા પંચાયત પરિવાર તરફથી અમરેલી અને સૌરાષ્ટ્રના અસરગ્રસ્તો માટે રૂ. ૫૧ હજારનો ચેક એનાયત કરવામાં આવ્યો છે.

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલે આ એક રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને ગઈકાલે અર્પણ કર્યો છએ.

વર્ગ-3 ડેમો લેક્ચર ફ્રી

માસ્ટર કોર્ષ (૬ માસ)

પ્રવેશ ચાલુ છે

Classmate ACADEMY

Hitesh Sir 98248 87985

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

૧ થી ૩૦ સેક્ટર માટે

આપનું LED TV, LCD TV, Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો.

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

સેક્ટર-૨૪, ગાંધીનગર

મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬